ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૮-૨૦૧૩, બુધવાર

## તંત્રી સ્થાનેથી.....

### નંદ ઘેર આનંદનો ઓચ્છવ

જન્માષ્ટમી આવે કે તરત કૃષ્ણનું અભયવચન સાંભરે : જ્યારે જ્યારે આ સૃષ્ટિ પર ધર્મની ગ્લાનિ થશે ત્યારે એની પુનઃ સ્થાપના માટે, સજ્જનોના રક્ષણ માટે અને દુર્જનોના વિનાશ માટે હું અવતાર લેતો રહીશ. આ અભયવચન પર ભારતીય જનમાનસને ઊંડી આસ્થા છે. એથી એ ગમે તેવાં સંકટો વચ્ચે ટકી શકે છે, ભયંકર આફતોનો સામનો કરી શકે છે અને અંતે તો સત્યનો જ જય થવાનો છે એવી પ્રબળ જિજીવિષા સાથે એનો સંઘર્ષ ચાલુ રાખી શકે છે. કવિ ઈકબાલે 'સારે જગાં સે અચ્છા' તરીકે બિરદાવીને 'હિંદોસ્તાં'ની હસ્તી વિકટ સંજોગોમાં પણ કોઈ તિલસ્મી કારણથી ટકી રહી હોવાનો એકરાર કર્યો છે:

યૂનાનો મિસ્ર રોમા સબ મિટ ગયે જહાં સે,
કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી!

આ 'કુછ બાત' તે આપણા જનમાનસમાં પરંપરાથી ઓતપ્રોત થઈ ગયેલી કૃષ્ણચેતના છે. આપણને કૃષ્ણના વચનમાં ભરોસો છે, કારણ કે એ કોઈ સાધારણ માણસે આપેલો સધિયારો નથી. એ છે પૂર્ણ પુરુષોત્તમના મુખે માનવજાતને જ નહીં, સમસ્ત સૃષ્ટિને અપાયેલું અભયવચન. અર્જુન જ્યારે એની સામે યુદ્ધના મેદાનમાં ઊતરેલા સ્વજનો અને વડીલોને જુએ છે ત્યારે વિષાદમાં સરી પડે છઃ શું મારે આ બધાંના લોહીથી મારા હાથ રંગવાના છે? એક નિર્જીવ જમીનના ટુકડા ખાતર આવો લોહિયાળ જંગ? એ રૂંવે રૂંવે અરેરાટી અનુભવે છે અને યુદ્ધ શરૂ થાય એ પહેલાં જ હથિયાર હેઠાં મૂકી દે છે. કૃષ્ણ એને કર્મ અને આપદધર્મ માટે પ્રેરે છે. એના તમામ સંશય દૂર કર્યા પછી પણ અંતે તો કૃષ્ણે એને જે ઠીક લાગે તે જ કરવાનું કહ્યું છે. હા, એક ખાતરી જરૂર ઉચ્ચારી છેઃ તું તમામ જંજાળ છોડીને મારે શરણે આવીશ તો તારા યોગક્ષેમની જવાબદારી મારી. આખરે અર્જુનના ચિત્તમાં અજવાળું રેલાય છે અને એ સંપૂર્ણ શરણાગતિ સાથે કર્મયોગમાં પ્રવૃત્ત થઈ મહાભારતનો જંગ જીતી લે છે. આપણા રસકવિ દયારામે ગાયું છેઃ

'ચિત, તું શીદને ચિંતા ધરે?
કૃષ્ણને કરવું હોય તે કરે!'

જન્માષ્ટમી એ કૃષ્ણચેતનાને નવેસરથી સંકોરવાનું પર્વ છે. આજે કોઈ એક નંદબાવા અને જશોદાને ઘેર જ આનંદ-ઓચ્છવ જામે છે, એવું સંકુચિત અર્થઘટન ન કરતાં દરેક ગૃહસ્થના આંગણે કૃષ્ણચેતનાનો ચિરંતન અજવાસ રેલાઈ રહે છે એવી વ્યાપક સમજણ કેળવીએ, કૃષ્ણ ગોકુળ-મથુરાથી દ્વારિકા અને હસ્તિનાપુર- કુરુક્ષેત્ર પર્યંત વિસ્તરેલી અખિલ ભારતીય વિભૂતિ છે. વિશ્વ સંસ્કૃતિને એ ભારતની સર્વોચ્ચમ ભેટ છે. કૃષ્ણ જન્મોત્સવ એ આપણા અડાબીડ અંધકાર વચ્ચે એક આશાનું કિરણ બની પ્રગટતી મંગલમયી ઘટના છે. કંસના કારાગારનાં તાળાં તૂટી જાય છે, બે કાંઠે વહેતી યમુના વસુદેવને માર્ગ આપી દે છે અને નવજાત શિશુ સલામત રીતે પાલક માતાની ગોદમાં પહોંચી જાય છે. કૃષ્ણ જન્મ એ નવા યુગના ઉદયની આલબેલ છે. જૂના રાક્ષસી બંધનો- પરંપરાઓ સામે કૃષ્ણ એક એવી નવી જ જીવનપ્રણાલી વિકસાવે છે. રાજવંશી હોવા છતાં એ લોકો વચ્ચે ઉછરે છે. બાળલીલાના જ એક ભાગ રૂપે એ ગોવર્ધનને ટચલી આંગળીએ તોળે છે- ગોકુળનાં ગોપ-ગોપીઓને ઈંદ્રના અત્યાચાર સામે નમતું નહીં જોખી ભૂમિ અને પર્વતની પૂજા કરવા પ્રેરે છે. કૃષ્ણથી મોટો ક્રાન્તિકારી યુગપુરુષ માનવજાતિના ઈતિહાસમાં થયો નથી અને ભવિષ્યમાં થશે કે કેમ એ પ્રશ્ન છે. કૃષ્ણ મહાન લોકનાયક છે, શ્રેષ્ઠ પ્રેમી છે, ઉત્કૃષ્ટ રાજનયિક(ડિપ્લોમેટ) છે અને શ્રેષ્ઠ યોદ્ધા છે. એમના જેવું સ્ત્રી દાક્ષિણ્ય જગતના કોઈપણ મહાનાયકમાં ભાગ્યે જ જોવા મળશે. દ્રૌપદીની લાજ લૂંટતી બચાવવાનું ગજું તો ભીષ્મનું પણ નહતું. એવો જ પ્રસંગ નરકાસુરે ભ્રષ્ટ કરેલી સોળ હજાર સ્ત્રીઓને પત્નીની ગરિમા બક્ષવાનો છે. મહાભારતનું યુદ્ધ તેઓ શસ્ત્ર વગર જીતી બતાવે છે. અર્જુનથી લઈ શિખંડી સુધીના યોદ્ધાઓ પાસેથી ક્યાં, ક્યારે અને કેટલું કામ લેવું તે કૃષ્ણ જાણે છે. સર્વની શક્તિઓનો સમન્વય સાધીને એ દુર્યોધનની અજેય કૌરવસેના સામે ટાંચા સૈન્ય અને સાધારણ યોદ્ધાઓ ધરાવતી પાંડવસેનાને જિતાડી શકે છે. કૃષ્ણ કાલજયી રાષ્ટ્રનાયક છે. એ ઉત્તમ 'મેનેજમેન્ટ ગુરુ' છે. સમય મુજબ વર્તવાનું તો કોઈ કૃષ્ણ પાસેથી શીખે. જ્યારે જે પાઠ ભજવવાનો આવ્યો તે એમણે પોતાની તમામ કાર્યદક્ષતા અને મનોયોગ પૂર્વક ભજવી બતાવ્યો. એવા એક પૂર્ણ પુરુષોત્તમનો જન્મદિવસ એ માનવજાતના શ્રેષ્ઠ પ્રજ્ઞાવંત મહાનાયકના પ્રાગટ્યપર્વ તરીકે નંદ-યશોદાની જેમ માનવ માત્રના હૈયે આનંદના ઓઘ છલકાવી રહે તે સ્વાભાવિક છે. જન્માષ્ટમીપર્વ એ ગામે ગામને ગોકુળમાં ફેરવતી કૃષિ-ગોપાલન ઘટના છે. એ અનિષ્ટ પર સત્યનિષ્ઠ તત્ત્વોના વિજયનું મંગલમુહૂર્ત છે. કૃષ્ણને બાદ કરીએ તો આપણા સમૃદ્ધ સાહિત્ય વારસામાં શું બચે, એ વિચારી જોજો! કૃષ્ણ એ ભારતીય અસ્મિતાનો પર્યાય છે.

# સ્કૂલ ઓફ એચિવર કુડાસણમાં જન્માષ્ટમી પર્વ ઉજવાયું

ગાંધીનગર, તા. ૨૭

એસ.એસ. પટેલ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત 'સ્કૂલ ઓફ એચિવર' - કુડાસણ ખાતે તા. ૨૬ ઓગષ્ટે શાળાના ફોયરમાં બાળકોએ પ્રાર્થના પછી 'ગોવિંદા આલા રે' - ભક્તિગીતને નૃત્ય અભિનય સાથે સુંદર રીતે રજૂ કર્યુ હતું. શાળાના આ બાળકોએ તૈયાર કરેલ શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રદર્શન





ગુજરાતી-અંગ્રેજી મીડિયમના કેજી વિભાગનાં નાના ભૂલકાઓએ તથા ૨૭ ઓગષ્ટે સંસ્થા પરિવારના ધો. ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓએ શાળાના ગ્રીન ગાર્ડન પરિસરમાં જન્માષ્ટમી પર્વોત્સવની ભક્તિભાવપૂર્વક- હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

સિનિયર-જુનિયર કેજીના સૌએ નિહાળ્યું હતું. કેજી વિભાગના શિક્ષકોએ સમૂહમાં 'છોટી છોટી ગૈયા, છોટે છોટે ગ્વાલ' ગીત ગાઈને 'નંદઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી'ની ધૂનમાં સૌને સામેલ કર્યા હતા. અંતે પ્રભુની આરતીમાં જોડાઈને, પ્રસાદી લઈ સૌએ આ પર્વોત્સવ ઉમંગપૂર્વક ઉજવ્યો હતો.

શાળાના પરિસર ખાતે બંને મીડિયમના સંયુક્ત આયોજનથી ધો. ૧ થી ૧૦નાં તમામ વિદ્યાર્થીઓએ જન્માષ્ટમી પર્વે શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ભક્તિભાવભર્યા ગીતો, ભજનો ને ધૂનની સરગમ સાથે રજૂ કરી હતી. પ્રારંભે મીરાંબાઈનું 'કાના... ઓ કાના... આન પડી મેં તેરે દ્વાર' પ્રેયર ડાન્સ, ત્યારબાદ યશોદા બનેલ શિક્ષિકાઓએ 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી' નોન સ્ટોપ ડાન્સ ગીત રજૂ કર્યું હતું. તે પછી 'ગોવિંદા આલા રે...' ગીત સાથે મટકી ફોડનો નૃત્યગાન અભિનય સાથેનો કાર્યક્રમ તથા ડિવોન્શનલ ગ્રુપ સોંગ અને 'વેરણ વાંસળી વાગી રે...' રાસગરબાની રમઝટ સાથે રજૂ થયા હતા. રાધાકૃષ્ણ બનેલા વિદ્યાર્થીઓ રાસ ગરબામાં જોડાયા હતા. અંતે 'યદા યદા હી ધર્મસ્ય' શ્લોકગાન અને અને જન્માષ્ટમી પર્વનું મહત્વ પ્રસંગોચિત સુંદર એન્કરીંગ સાથે કવિતાબેન દહિયાએ કરી સૌને ભક્તિના રંગે રંગી દીધા હતા. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટશ્રી પ્રજ્ઞેશ પટેલ તથા શાળાના પદાધિકારીશ્રીઓએ બાળકોની શક્તિઓને પ્રોત્સાહિત કરી જન્માષ્ટમી પર્વોત્સવે શુભેચ્છાઓ પાઠવી હતી.

# રોટરી ક્લબ આયોજિત ચેસ સ્પર્ધાના પરિણામો

ગાંધીનગર, તા. ૨૭

રોટરી ક્લબ ઓફ ગાંધીનગર તથા એમ.એમ. સ્પોર્ટસ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સ્વ. પ્રો. જે.કે. કાપડીયાના સ્મરણાર્થે યોજાયેલ ચેસ સ્પર્ધાના પરિણામ જાહેર કરી વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવ્યા છે.

૧૪ વર્ષથી નીચેના ખેલાડીઓની સ્પર્ધામાં પ્રથમ સ્થાને રૂદ્ર પાઠક, દ્વિતિય સ્થાને રાજ પટેલ, તૃતીય સ્થાને સૌરીન પટેલ, ચોથા સ્થાને જય ઈસ્માલિયા તથા પાંચમા સ્થાને કરનવ પટેલ વિજેતા રહ્યા હતા. જ્યારે ૧૪ વર્ષથી ઉપરના ખેલાડીઓમાં પ્રથમ ક્રમે પરવેઝ અન્સારી, દ્વિતિય સ્થાને જયેશ જાદવ અને તૃતીય સ્થાને જયેશ સોલંકી વિજેતા રહ્યા હતા. ઈનામ વિતરણ સમારોહમાં રોટે. મહેન્દ્રભાઈ ભાવસાર, રોટે. ડૉ. જગદીશ પટેલ, પ્રમુખ રોટે. રાહુલભાઈ મહેતા, પ્રોજેક્ટ ચેરમેન રોટે. દિલીપ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આર્બિટર તરીકે રોહન એસ. ઉપાધ્યાયે સેવા બજાવી હતી. સૌથી નાના ખેલાડી તરીકે પરમ યુ. કારીયા તથા સૌથી વડીલ ખેલાડી તરીકે દિનેશચંદ્ર ઝાલાને બિરદાવવામાં આવ્યા હતા.

# વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી સ્પર્ધાના વિજેતા જાહેર



ગાંધીનગર, તા. ૨૬

ફોટોગ્રાફર એસોસિએશન ઓફ ગાંધીનગર દ્વારા તાજેતરમાં વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી પ્રતિયોગિતા યોજવામાં આવી હતી. ફોટોગ્રાફી સ્પર્ધામાં પ્રથમ ત્રણ વિજેતા અને પ્રોત્સાહક ઈનામ જાહેર કરવામાં આવ્યા છે.

વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી પ્રતિયોગિતામાં કિરણ પિંપળિયા પ્રથમ સ્થાને, એસ. વિનોદ દ્વિતીય સ્થાને અને કૌશિક ગજ્જર તૃતીય સ્થાને વિજેતા જાહેર થયા છે. પ્રોત્સાહન ઈનામોમાં સુરેશ શાહનું નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમમાં એચ.ડી. વિડિયો વર્કશોપ રાજીવ ઉપાધ્યાય, મનોજભાઈ ગિલ્ડરે એચ.ડી. વિડિયો કેમેરા કેવી રીતે સાચવવા અને કેવા પ્રકારના હાઈટેકનો લોજીવાળા કાર્ડ વાપરવા અને કેવી રીતે ઓથરેટીંગ કરવો તેના વિશે માહિતીપ્રદ માર્ગદર્શન પુરૂ પાડ્યુંહતું. એસોસિએશનના પ્રમુખ પ્રવીણ ઠક્કર, ઉપપ્રમુખ અજય પટેલ, મંત્રી રૂપસિંહ રાજને વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ત્રણ ભારતીય મહિલા ખેલાડીઓને અભિનંદન આપતા ગુજરાતના મુખ્યમંત્રી

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તિરંદાજીની વિશ્વ કપની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય મહિલા ખેલાડીઓ સર્વશ્રી બોમ્બયલા દેવી, દિપીકાકુમારી, રિમીલ બુરુઈલીને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ યશસ્વી મહિલા ખેલાડીઓએ ભારતની નારીશક્તિનું ગૌરવ વધાર્યું છે એમ તેમણે ટીવટ્ર ઉપર અભિનંદન આપતાં જણાવ્યું હતું.

### તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭


ગાંધીનગર રચનાત્મક સેવા સમિતિ તરફથી ૧લી સપ્ટેમ્બર ૨૦૧૩થી બપોરે ૨ કલાકે દહેગામ કોલેજ હોલ, દહેગામ ખાતે શહેરી વિસ્તાર તથા ગ્રામ્ય વિસ્તારોના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાશે. રચનાત્મક સેવા સમિતિ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારોહમાં વિદ્યાર્થીઓની સાથે સાથે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી હોય તેઓનું પણ સન્માન કરવામાં આવશે. આ પ્રસંગે બાળકોનો મનોરંજક કાર્યક્રમ યોજાશે.

### એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ સંચાલિત એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો.

કોલેજમાં યુવાન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રોફેસરે આ પ્રસંગે જણાવ્યું કે રક્તદાન શિબિરમાં કોલેજના વિદ્યાર્થીઓએ રક્તદાન કરવા ભારે ઉત્સાહ બતાવ્યો હતો. પણ રક્તદાન કરવા આવેલા યુવાનોમાંથી ૬૫ ટકા યુવાનો ઓછુ વજન અને શરીરમાં હીમોગ્લોબિનનુંપ્રમાણ ઓછુ આવવાના કારણે રક્તદાન કરી શક્યા ન હતા. તેથી પ્રો. ઓ. ભગીરથી ભટ્ટે આરોગ્ય પોષણક્ષમ ખોરાક અંગેની જાગૃતિ લાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો અને આવનારા દિવસોમાં સંસ્થામાં આરોગ્યને લગતા કાર્યક્રમો યોજવામાં આવશે તેમ જણાવ્યું હતું.





# આહિર યુવા ફોરમ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૭

આહિર સમાજ માટે કાર્યરત અને કોઈ પણ હોદ્દેદારો વગરની સંસ્થા એવી આહીર યુવા ફોરમ ગાંધીનગરના ઉપક્રમે આહીર સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૩ને શનિવારે સાંજે ૬ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાશે.

આહિર યુવા ફોરમ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાશે. સમાજના તેજસ્વી તારલાઓને પોતાની માર્કશીટ ૫મી સપ્ટેમ્બર સુધીમાં સંસ્થાના પ્રતિનિધિને પહોંચાડવા એમ.જી. બંધિયાએ જણાવ્યું છે. સમારંભમાં નિવૃત્ત થતાં પ્રમોશન મેળવેલા તથા નવી નિમણુંક પામેલા આહિર સમાજના સભ્યોનું પણ સન્માન યોજાશે. હોસ્ટેલમાં રહેતા તથા રૂમ રાખીને રહેતા વિદ્યાર્થીઓને સમાજની હોસ્ટેલમાં રજીસ્ટ્રેશન કરાવી ભોજન પાસ વિના મૂલ્યે મેળવી લેવા જણાવ્યું છે.

# જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મૅઈન દ્વારા પર્યાવરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૭

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર મૅઈન તથા જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના સાહેલીના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ જાગૃતિને વનવિભાગ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો.

વન સંશોધન સંકુલ ગાંધીનગરના હોલમાં વર્કશોપનું આયોજન થયલું હતું. જળજમીન, હવા, જંગલો, નદીઓ, પહાડો, સમુદ્રો, તળાવો, પશુ-પક્ષીઓની પર્યાવરણની વ્યાખ્યામાં કરાયેલ છે. જે અંગેની સમજણ આપવામાં આવી હતી. જેમાં ૪૦ સભ્યોએ ભાગ લીધો હતો.

બીજા દિવસે વન પ્રવાસ અરવલ્લી જિલ્લામાં ગોઠવાયો હતો. વન પ્રવાસમાં વિવિધ વિસ્તારોની માહિતી આપી હતી.

જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશનકસીના ડાયરેકટર સાંકાભાઈ પટેલ, જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગરના પ્રમુખ બાબુભાઈ એમ.પટેલ, રમેશભાઈ પટેલ, નટુભાઈ પટેલે હાજરી આપી હતી.

## જન્માષ્ટમી

જન્માષ્ટમી શ્રી બાલકૃષ્ણલાલજીની, ઉજવીએ અમે અતિ આનંદથી,
જન્માષ્ટમી હર વર્ષે શ્રાવણે આવે, ઉજવીએ અમે અતિ આનંદથી.
મોરપિચ્છધારી નંદકિશોર ગિરિધર, દર્શન કરીએ અતિ આનંદથી,
મટકીફોડ, માખણ ચોર ચિત્તચોર, દર્શન કરીએ અતિ આનંદથી.

શ્યામ સલોણા ગોકુળના કાનજી, દર્શન કરીએ અમે સૌ પ્રેમથી,
મથુરાના મેઘવરણા ઘનશ્યામ, દર્શન કરીએ અમે સૌ પ્રેમથી.
મેવાડની મુરત મનોહર શ્રીનાથજી, દર્શન કરીએ અમે સૌ પ્રેમથી,
દ્વારકાના રાજાધિરાજ શ્રીદ્વારકાધીશ, દર્શન કરીએ અમે સૌ પ્રેમથી.

ડાકોરના ઠાકોર શ્રી રણછોડરાયજી, દર્શન કરીએ અમે સૌ ભાવથી,
શ્યામસુંદર હયસ્વરૂપ રાધેશ્યામ, દર્શન કરીએ અમે સૌ ભાવથી.
શ્રીકૃષ્ણ તમારી અદ્ભુત લીલાઓ, સ્મરીએ અમે અતિ ભાવથી,
શ્રીકૃષ્ણ તુજ વિવિધ નટખટ પ્રસંગો, સ્મરીએ અમે અતિ ભાવથી.

ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે ગીતાજ્ઞાન પ્રદર્શક, દર્શન કરીએ અમે અતિ સ્નેહથી,
કર્મયોગ, જ્ઞાનયોગને ભક્તિ પથદર્શક, દર્શન કરીએ અમે અતિ સ્નેહથી.
ઘટ ઘટના વાસી મોરલી મનોહર હરિ, દર્શન કરીએ અમે અતિ સ્નેહથી,
પૂર્ણ પુરુષોત્તમ શંખ ચક્ર ગજા પદ્મધારી, દર્શન કરીએ અમે અતિ સ્નેહથી.

- સુમંતભાઈ મં. શાહ

# આજનું શિક્ષણસૂત્ર - 'વધુ ખર્ચો તો વધુ ભણો'

**પ્રસંગસાર**

- વી. એસ. ગઢવી

ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ (આઇઆઇએમ) અમદાવાદની એક પ્રતિષ્ઠા આખા દેશમાં રહેલી છે અને આ રાષ્ટ્રીય સંસ્થામાં અભ્યાસ કરવા માટે દૂર દૂરથી વિદ્યાર્થીઓ અમદાવાદ આવતા હોય છે. આશિષ નંદા, હમણાં આ સંસ્થાના નવા ડાયરેકટર નિમાયા છે. આશિષ નંદા આ જ સંસ્થાના ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી હતા. આઇઆઇએમના ઇતિહાસમાં પહેલીવાર આવું બન્યું છે કે ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થી ડાયરેકટર તરીકે પસંદ થાય. આશિષ નંદાએ હોદ્દો સંભાળતી વખતે શિક્ષણના હિતમાં જે વાત કરી એ અગત્યની છે. શિક્ષણનું ખાનગીકરણ અટકવું જોઇએ એ વાત ઉપર એમણે ભાર મૂક્યો હતો.

આઇઆઇએમ સંસ્થાના નવનિયુક્ત નિયામક જો શિક્ષણનું ખાનગીકરણ અટકવું જોઇએ એવી વાત ઉપર ભાર મૂકતા હોય તો એ વાત તથ્ય છે, એ સ્વીકારવું જોઇએ. શિક્ષણના ખાનગીકરણના ગેરલાભો આશિષનંદાએ જોયા હશે ત્યારે જ એ આ મતલબની વાત કરતા હશે. શિક્ષણની ખાનગીકરણની પ્રક્રિયા સામે છાશવારે ચર્ચાઓ અને વિવાદો થતા આવ્યા છે. પાનનાં ગલ્લા ખુલે એમ શૈક્ષણિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી રહી છે. સેલ્ફ ફાયનાન્સના નામે ધીખતો ધંધો શરૂ થયો છે. આશિષ નંદાએ પોતાની વાતમાં શિક્ષણનું વેપારીકરણ અટકાવવા ઉપર પણ ભાર મૂક્યો હતો.

શિક્ષણનું ખાનગીકરણ અને વેપારીકરણ આ બંને બાબતો સમજવા જેવી છે. ખાનગીકરણ અને વેપારીકરણ આ બંને ભિન્ન બાબતો છે પણ આજે શિક્ષણના ક્ષેત્રમાં એ એકબીજાનાં પર્યાપ બની ગયા છે. શિક્ષણના ક્ષેત્રમાં સરકાર કશું નવું ન કરી શકે અથવા તો નવી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવામાં સરકાર પીછેહઠ કરતી હોય ત્યારે ખાનગી સંસ્થાઓ શિક્ષણના હિતમાં સંસ્થાઓ શરૂ કરે એની સામે કોને વાંધો હોય? ખાનગી સંસ્થાઓ સમૃદ્ધ હોય અને સરકાર પર નિર્ભર ન હોય અને છતાં સરકારના નિયમોને અધીન રહીને શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરતી હોય તો એ શિક્ષણના હિતમાં જ છે. અહીં સુધી શિક્ષણના ખાનગીકરણ સામે કદાચ કોઇને આપત્તિ ન હોય પણ વાત અહીંથી અટકતી નથી પણ શરૂ થાય છે.

ખાનગી સંસ્થાઓ સરકાર પર નિર્ભર નથી હોતી ત્યારે એ મનસ્વી રીતે વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલતી હોય છે. ચાલો ફીની રકમ તગડી હોય એને પણ આપણે નજરઅંદાઝ કરીએ પણ એની સામે શિક્ષણની ગુણવત્તા!? મોટા ભાગની ખાનગી સંસ્થાઓમાં શૈક્ષણિક સ્ટાફની અછત જોવા મળે છે. એની પાછળ પણ ઘણાં કારણો છે. શૈક્ષણિક સ્ટાફની પસંદગી પણ નિયમો નેવે મૂકવામાં આવે છે. જે સ્ટાફની પસંદગી થાય છે એને પૂરતો પગાર ચૂકવવામાં આવતો નથી. વળી, પસંદ થનાર ઉમેદવારને એની નોકરી કયાં સુધી ટકશે એની કોઇ ખબર આપવામાં આવતી નથી. આજે નોકરી ચાલુ છે અને કાલે સંસ્થા પાણીચું પકડાવી દે એવા ઘણા કિસ્સા જોવા-સાંભળવા મળે છે. ખાનગી સંસ્થાઓનો આ સૌથી મોટો ત્રાસ છે. મનસ્વી રીતે વિદ્યાર્થીઓ પાસેથી ફી વસૂલવામાં જરા પર પાછી પાની ન કરતી સંસ્થાઓ શૈક્ષણિક સ્ટાફને પગાર આપવાની બાબતે પાણીમાં બેસી જાય છે. વળી, ખાનગી સંસ્થાઓ શોષણ કરવાની બાબતે પણ અગ્રેસર હોય છે. નિર્ધારિત સમયથી વધુ કામ લેવું, ઓછો પગાર આપવો અને વધારે પગાર આપવો એવા લખાણ પર દબાણપૂર્વક સહી કરાવી લેવી, શિક્ષણની મુલવતા બાબતે લાપરવાહી - આ બધાં શિક્ષણનાં ખાનગીકરણને કારણે ઊભી થયેલી વિકરાળ સમસ્યાઓ છે.

ખાનગીકરણ ધીમે ધીમે વેપારીકરણમાં પરિવર્તિત થતું જાય છે. અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓની જગ્યાએ હરાજી થાય એમ વેચવામાં આવે છે. એની આર્થિક ક્ષમતા વધારે એને પ્રવેશ મળે પછી એની ગુણવત્તા સાથે કશી લેવાદેવા હોતી નથી. એવું જ શૈક્ષણિક સ્ટાફની પસંદગી વખતે થતું હોય છે. લઘુત્તમ લાયકાત ન હોય તો ચાલે પણ ખિસ્સું ગરમ હોવું જોઇએ. તમારી આર્થિક ક્ષમતા વધારે હોય તો તમને નોકરી મળવાના ચાન્સ વધારે છે. જરા વિચાર કરીએ મેડિકલ અને એન્જિયરિંગની સીટો પણ વેચાતી હોય તો એવા ડોક્ટર અને એન્જિનિયર પછી સમાજમાં કેવી અંધાધૂંધી મચાવશે એનો ખ્યાલ આવે છે ખરો? બાસ સાયન્સમાં માંડ પાસ થનાર રૂપિયાના જોરે ડોકટર બની જાય પછી એ પોતાના ગુમાવેલા રૂપિતા પાછા મેળવવાની પળોજળમાં દર્દીઓને લૂંટવા સિવાય બીજું શું કરવાનો?

શિક્ષણ એક પ્રોડક્ટ હોય એમ બજારીકરણનો ચેપ એને પણ લાગી ગયો છે. ટૂથપેસ્ટની જાહેરાત થતી હોય એમ રીતસર શૈક્ષણિક સંસ્થાઓની જાહેરાતો થાય છે અને વિદ્યાર્થીઓ નહીં પણ ગ્રાહકોને આકર્ષવામાં આવે છે. એટલા જ નાણાં ચૂકવવાના આવે છે પણ શિક્ષણના ક્ષેત્રમાં એવું નથી અહીં તો રીતસરની હરાજી થાય છે અને જે વધારે ખર્ચી શકે એ આગળ ભણી શકે. સાંપ્રત શિક્ષણ પ્રવાહનું આ સૂત્ર બની ગયું છે કે 'વધુ ખર્ચો તો વધુ ભણી શકો' આ બધું જ શિક્ષણનાં ખાનગીકરણ, વેપારીકરણ અને બજારીકરણને આભારી છે. પણ આ બધામાં જે ખર્ચી નથી શકતો પણ ગુણવત્તા ધરાવે છે એનું શું? શિક્ષણનાં ખાનગીકરણે લાયકાત વિનાના શિક્ષણની લાયકાત વિનાની ઉમેદવારોની એક મોટી ફોજ ઊભી કરે છે એ કયાં જઇને અટકશે, એ કહી શકાય એમ નથી.

**આઇઆઇએમ સંસ્થાના નવનિયુક્ત નિયામક જો શિક્ષણનું ખાનગીકરણ અટકવું જોઇએ એવી વાત ઉપર ભાર મૂકતા હોય તો એ વાત તથ્ય છે, એ સ્વીકારવું જોઇએ**